રાજયની સરકારી તથા
ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના
શૈક્ષણિક/બિનશૈક્ષણિક
કર્મચારીઓને ફાજલ જાહેર કરવા અંગે

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: ટીસીએમ-૧૪/૨૦૧૪/૨૮૦૭૮૨/ન
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.30/06/૨૦૧૪

આમુખ :

રાજયમાં હાલ ૮-સરકારી પી.ટી.સી. કોલેજો, ૪૩-ગ્રાન્ટેડ પી.ટી.સી. સંસ્થાઓ, ૬- ગ્રાન્ટેડ સી.પી.એડ કોલેજો, ૪-ગ્રાન્ટેડ ડી.પી.એડ કોલેજો અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઇઆરટી) હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ૨૬ પી.ટી.સી. કોલેજો સરકારી ખર્ચે ચલાવવામાં આવે છે.

હાલ આ કોર્ષોમાં વિદ્યાર્થીઓના રસ ઓછા થવાના કારણે આ(સંસ્થાઓ) પૈકી અમુક સંસ્થાઓમાં હાલ ઘણા ઓછા પ્રમાણમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે જેમ કે સરકારી પી.ટી.સી. કોલેજો તથા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ)માં આ સાથેની યાદીમાં જણાવ્યા મુજબ પી.ટી.સી.માં દ્વિતીય વર્ષમાં ૯૦ વિદ્યાર્થીઓ સામે ૧૪૭ શિક્ષકો ફરજ બજાવે છે. ગ્રાન્ટ ઇન એઇડ પી.ટી.સી. કોલેજોમાં દ્વિતીય વર્ષમાં ૧૧૪ વિદ્યાર્થીઓ સામે ૧૩૪ શિક્ષકો ફરજ બજાવે છે. સી.પી.એડ કોલેજોમાં દ્વિતીય વર્ષમાં ૧૦ વિદ્યાર્થીઓ સામે ૨૪ શિક્ષકો ફરજ બજાવે છે અને ડી.પી.એડ કોલેજોમાં ૪ વિદ્યાર્થીઓ સામે ૧૭ શિક્ષકો ફરજ બજાવે છે. આમ આ કોલેજોના દ્વિતીય વર્ષમાં ૨૧૮ વિદ્યાર્થીઓ સામે ૩૨૨ શિક્ષકો ફરજ બજાવે છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા નહીંવત્ હોવાના કારણે તે સંસ્થાઓને તાત્કાલિક બંધ કરી ત્યાંના સ્ટાફને ફાજલ જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વક વિચારણાને અંતે રાજયમાં આવેલ આ સાથે રાખેલ યાદી મુજબની ૩૬ સંસ્થાઓ જેવી કે સરકારી પી.ટી.સી. કોલેજો, ગ્રાન્ટ ઇન એઇડ પી.ટી.સી. કોલેજો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ)ની પી.ટી.સી. કોલેજો, સી.પી.એડ અને ડી.પી.એડ કોલેજોમાં ચાલતા કોર્ષો પ્રથમ તબક્કે આથી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે છે અને યાદી મુજબની સંસ્થાઓના જે તે કોર્સના શૈક્ષણિક/બીન

શૈક્ષણિક સ્ટાફને આથી ફાજલ જાહેર કરવામાં આવે છે અને આ સંદર્ભમાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે. આ સંસ્થાઓમાં ચાલુ વર્ષે પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હોય તો વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇને તેમને અન્ય સંસ્થાઓમાં પ્રવેશના ફેરફારની કામગીરી નિયમ અનુસાર કમિશ્નરશ્રી શાળાઓ/નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા હાથ ધરવાની રહેશે.

(૧) આ ઠરાવ સાથે બીડેલ યાદી મુજબની ૦૪-સરકારી પી.ટી.સી. કોલેજો, ૦૭-ગ્રાન્ટ- ઇન-એઇડ પી.ટી.સી. કોલેજો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ)ની-૧૫-પી.ટી.સી. કોલેજો, ૦૬-સી.પી.એડ અને ૦૪-ડી.પી.એડ કોલેજો મળી કુલ ૩૬ કોલેજો પ્રથમ તબક્કે બંધ કરવામાં આવે છે અને બિડાણના પત્રકના કોલમ- ૫માં જણાવ્યા મુજબના શૈક્ષણિક સ્ટાફને તાત્કાલિક અસરથી ફાજલ જાહેર કરવામાં આવે છે. સાથોસાથ એક કારકુન સિવાય અન્ય બધા જ બિન શૈક્ષણિક સ્ટાફને પણ ફાજલ જાહેર કરવામાં આવે છે. ચાલુ સત્ર પૂર્ણ થયા પછી તા.૩૦/૦૪/૨૦૧૫ પછી બાકી રહેતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને પણ ફાજલ કરવામાં આવશે.

(૨) શિક્ષકો/ કર્મચારીઓને ફાજલ જાહેર કરતી વખતે જુનિયર મોસ્ટ શિક્ષક/કર્મચારીને ફાજલ જાહેર કરવાના રહેશે જ્યારે સિનિયર મોસ્ટ શિક્ષક/કર્મચારીને તા.૩૦/૦૪/૨૦૧૫ સુધી સંસ્થામાં રાખવાના રહેશે.

(૩) ફાજલ જાહેર થતાં શિક્ષકો/કર્મચારીઓને કમિશ્નરશ્રી શાળાઓના હુકમો અનુસાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરના હવાલે મુકવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર આ ફાજલ શિક્ષકો/કર્મચારીઓને જરૂરીયાત મુજબ શાળાઓમાં/અન્યત્ર ફાળવશે.

(૪) જે કર્મચારીઓ તા.૩૦/૬/૧૯૯૮સુધીમાં નિમણૂંક પામેલ હોય અને આ પૈકી જે શિક્ષકો/કર્મચારીઓએ તા.૩૦/૬/૯૮ કે ત્યારબાદ પરંતુ તા.૩૦/૬/૯૯ પહેલાં ૩૬૫ દિવસની સેવાઓ પૂરી કરેલ હોય તેમને ફાજલ તરીકે રક્ષણ આપવાનું રહેશે.

(૫) જૂના કેસો જેમાં ફાજલનું રક્ષણ ન અપાયું હોય અને શિક્ષકો/કર્મચારીઓને છૂટા કરી દેવામાં આવ્યા હોય તેવા કેસો ફરીથી Reopen કરવામાં આવશે નહીં.

(૬) જે શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ ના મળે તેમને સંબંધિત કોલેજ તરફથી નીચે પ્રમાણે વળતર આપી છૂટા કરવામાં આવેશે.

(i) જે શિક્ષક/કર્મચારીની નોકરી પાંચ વર્ષથી ઓછી હોય, તેઓને છ માસના પગાર (ભથ્થાં સાથે) આપી છુટા કરવાના રહેશે.

(ii) જે શિક્ષક/કર્મચારીની નોકરી પાંચ વર્ષથી વધુ હોય, તેઓને છ માસના પગાર (ભથ્થાં સાથે) પગાર આપવાનો રહેશે. ઉપરાંત પાંચ વર્ષ પછીના પ્રત્યેક વર્ષના અવેજમાં એક માસનો પગાર (ભથ્થાં સાથે) સંસ્થા તરફથી ચુકવવાનો રહેશે.

(૭) જે શિક્ષક/કર્મચારીઓને છુટા કરવામાં આવશે તેઓને ચુકવવા માટેના વળતર અંગે રાજય સરકાર તરફથી કોઇપણ જાતની ગ્રાન્ટ આપવામાં આવશે નહી. જે તે સંસ્થાએ પોતાના ફંડમાંથી જ વળતર ચૂકવવાનું રહેશે, જો સંસ્થા વળતર ચૂકવવામાં વિલંબ કરશે તો તેના નિભાવ ગ્રાન્ટમાંથી વળતરની રકમ કાપી લેવામાં આવશે. આ ઉપરાંત કમિશ્નર/નિયામકશ્રી તરફથી અન્ય કાયદેસર પગલા લેવામાં આવશે.

(૮) આ નીતિ અનુસાર ફાજલ શિક્ષકો/કર્મચારીઓને સમાવવા બાબતમાં સંબંધિત નિયામકશ્રી/કમિશ્નરશ્રીના આદેશ આખરી ગણવામાં આવશે અને જો સંબંધિત શિક્ષક/કર્મચારી તેમની ફાળવેલ જગ્યા ઉપર ૧૫ દિવસમાં હાજર નહીં થાય તો તેમને નોટીસ આપી ફકરા-૬માં જણાવ્યા મુજબ વળતર આપી નોકરી માંથી છૂટા કરવામાં આવશે.

(૯) રક્ષણ પાત્ર ફાજલ શિક્ષકો/કર્મચારીઓને જરૂર પ્રમાણે જે તે પે સ્કેલમાં રાજયમાં જરૂર પ્રમાણે કોઇપણ જગ્યાએ ફાળવવામાં આવશે. નવા ફાળવેલ સ્થળે જો જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જો સંબંધિત ઉમેદવાર અનામત કેટેગરીના ના હોય તો રોસ્ટર પોઇન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૦) સંસ્થા તરફથી હાલ શિક્ષક/કર્મચારીઓને રીલીવ કરતી વખતે સંસ્થાને સર્વિસબુક, અન્ય સાધનિક વિગતો અને લાસ્ટ પે સર્ટીફીકેટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરને રૂબરૂ મોકલાવી તે માટે આધાર પુરાવા મેળવી લેવાના રહેશે.

(૧૧) ફાજલ જાહેર થયેલ કર્મચારી/શિક્ષકો જ્યાં સુધી તેઓના અન્યત્ર પ્રતિનિયુક્તિના હુકમો ન થાય ત્યાં સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરના નિયંત્રણ હેઠળ ગણાશે અને રાજયમાં ગમે તે જગ્યાએ જરૂર પ્રમાણે તેમની બદલી કરી શકાશે. ભવિષ્યમાં તેમની સંસ્થાઓમાં આ પ્રકારના કોર્ષમાં જરૂર પ્રમાણે વિદ્યાર્થીઓ મળી રહે ત્યારે શિક્ષકો/કર્મચારીઓની જરૂરીયાત ઉભી થાય ત્યારે

સૌ પ્રથમ આ કર્મચારીઓને ત્યાં નિમણૂંક આપવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરે સંસ્થાવાર શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફનું રજીસ્ટર રાખવાનું રહેશે જેમાં ફાજલ જાહેર થયેલ સ્ટાફને સંબંધિત સંસ્થામાં મુક્યાની વિગત, સંસ્થામાં જોડાયા તારીખ વગેરે બાબતો દર્શાવવાની રહેશે અને ફાજલ થયેલ સ્ટાફ નવી જગ્યાએ હાજર થયેલ ન હોય તો તેની યાદી કમિશ્નરશ્રી શાળાઓ/નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને મોકલી આપવાની રહેશે.

(૧૨) ગ્રાન્ટેડ સંસ્થાઓના ફાજલ જાહેર થયેલ શિક્ષકો/કર્મચારીઓનો તા.૧૫/૦૭/૨૦૧૪ સુધીનો પગાર માતૃ સંસ્થામાં પાડવાનો રહેશે અને તે અંગેની ગ્રાન્ટની કામગીરી હાલ જે ઉપાડ અને વહેચણી અધિકારી દ્વારા કરવામાં આવતી હોય તેના દ્વારા જ કરવાની રહેશે. તા.૧૬/૦૭/૨૦૧૪ પછીનો પગાર, ફાજલ જાહેર થયેલ શિક્ષકો/કર્મચારીઓ જે સંસ્થાના નિયંત્રણ હેઠળ મુકાયા હોય તે સંસ્થાએ કરવાનો રહેશે. આ અંગેની ગ્રાન્ટની ચુકવણી અંગેની કાર્યવાહી કમિશ્નરશ્રી શાળાઓ/નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા કરવાની રહેશે.

(૧૩) તા.૩૦/૦૪/૨૦૧૫ પછી જયારે સરકારી પી.ટી.સી. કોલેજો, ગ્રાન્ટ ઇન એઇડ પીટીસી કોલેજો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(ડાયેટ) ની પી.ટી.સી. કોલેજો, સી.પી.એડ અને ડી.પી.એડ કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને ફાજલ જાહેર કરવા માટે આ જ હુકમો અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) ભવિષ્યમાં આ સંદર્ભમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ફાજલનું જે નીતિ વિભાગ દ્વારા અપનાવવામાં આવી છે તેજ પ્રમાણે નાણા વિભાગના પરામર્શમાં નિર્ણય લેવાનો રહેશે.

(૧૫) આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૬/૦૫/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી. રબારી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
- નિયામકશ્રી, શારીરિક શિક્ષણ અને યોગ, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર), અમદાવાદ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

## સંસ્થાઓની યાદી

| ક્રમ (૧) | સંસ્થાનું નામ (૨) | સ્થળ (૩) | પ્રકાર (૪) | પ્રથમ વર્ષે ફાજલ થનાર શિક્ષણિક કર્મચારીઓ (૫) |
|---|---|---|---|---|
| ૧ | સરકારી અધ્યાપન મંદિર | સોનગઢ, ભાવનગર | પી.ટી.સી. | ૩ |
| ૨ | સરકારી પુરૂષ અધ્યાપન મંદિર | માંગરોળ, પોરબંદર | પી.ટી.સી. | ૦ |
| ૩ | હંટર ટ્રેનીંગ કોલેજ | મોરબી | પી.ટી.સી. | ૦ |
| ૪ | ગર્વન્મેન્ટ બેઝિક ટ્રેનીંગ કોલેજ | ડભકા, વડોદરા | પી.ટી.સી. | ૬ |
| ૫ | ડાયટ | અમદાવાદ | પી.ટી.સી. | ૮ |
| ૬ | ડાયટ | અમરેલી | પી.ટી.સી. | ૬ |
| ૭ | ડાયટ | આંણદ | પી.ટી.સી. | ૬ |
| ૮ | ડાયટ | ગાંધીનગર | પી.ટી.સી. | ૭ |
| ૯ | ડાયટ | જામનગર | પી.ટી.સી. | ૭ |
| ૧૦ | ડાયટ | મહેસાણા | પી.ટી.સી. | ૫ |
| ૧૧ | ડાયટ | પાલનપુર | પી.ટી.સી. | ૪ |
| ૧૨ | ડાયટ | રાજપીપળા | પી.ટી.સી. | ૦ |
| ૧૩ | ડાયટ | સુરત | પી.ટી.સી. | ૮ |
| ૧૪ | ડાયટ | સુરેન્દ્રનગર | પી.ટી.સી. | ૬ |
| ૧૫ | ડાયટ | વડોદરા | પી.ટી.સી. | ૪ |
| ૧૬ | ડાયટ | વઘઇ | પી.ટી.સી. | ૨ |
| ૧૭ | ડાયટ | ભરૂચ | પી.ટી.સી. | ૬ |
| ૧૮ | ડાયટ | નવસારી | પી.ટી.સી. | ૪ |
| ૧૯ | ડાયટ | પોરબંદર | પી.ટી.સી. | ૫ |
| ૨૦ | વોકેશનલ ટ્રેનીંગ કોલેજ | અંકલેશ્વર | પી.ટી.સી. | ૪ |
| ૨૧ | બુનિયાદી પુરૂષ અધ્યાપન મંદિર | ગુંદી, ધોળકા | પી.ટી.સી. | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | સર્વોદય આશ્રમ અધ્યાપન મંદિર | શાપુર, જુનાગઢ | પી.ટી.સી. | ૭ |
| ૨૩ | એલ.એન. મૈત્રિ પી.ટી.સી. કોલેજ | સુરેંદ્રનગર | પી.ટી.સી. | ૭ |
| ૨૪ | ભગીની સમાજ કે.એમ. મહિલા અધ્યાપન મંદિર | પારડી, વલસાડ | પી.ટી.સી. | ૫ |
| ૨૫ | બુનિયાદી સ્રી અધ્યાપન મંદિર | નારદીપુર, ગાંધીનગર | પી.ટી.સી. | ૪ |
| ૨૬ | એ.પી.ટી. બુનિયાદી અધ્યાપન મંદિર | અલીયાબાડા | પી.ટી.સી. | ૦ |
| ૨૭ | જી.બી.પી. કોલેજ ઓફ ફીજીકલ એજ્યુકેશન | હાથીજણ, અમદાવાદ | સી.પી.એડ. | ૩ |
| ૨૮ | માણેકબા વ્યાયામ વિદ્યાભવન | અડાલજ, ગાંધીનગર | સી.પી.એડ. | ૩ |
| ૨૯ | સી.પી. વ્યાયામ મહા વિદ્યાલય | રાજપીપળા, નર્મદા | સી.પી.એડ. | ૦ |
| ૩૦ | એ.કે. વ્યાયામ મહા વિદ્યાલય | ઇટોલા, વડોદરા | સી.પી.એડ. | ૫ |
| ૩૧ | સ્વામીનારાયણ શારીરીક શિક્ષણ મહા વિદ્યાલય | ભિલાડ, વલસાડ | સી.પી.એડ. | ૪ |
| ૩૨ | સી.એન. વ્યાયામ વિદ્યા ભવન | અમદાવાદ | સી.પી.એડ. | ૨ |
| ૩૩ | સી.પી. વ્યાયામ મહા વિદ્યાલય | રાજપીપળા, નર્મદા | ડી.પી.એડ. | સી.પી.એડ.ના શૈક્ષણિક સ્ટાફ દ્વારા જ ડી.પી.એડ. અભ્યાસ ક્રમ ભણાવવામાં આવે છે |
| ૩૪ | એ.કે. વ્યાયામ મહા વિદ્યાલય | ઇટોલા, વડોદરા | ડી.પી.એડ. | |
| ૩૫ | માણેકબા વ્યાયામ વિદ્યા ભવન | અડાલજ, ગાંધીનગર | ડી.પી.એડ. | |
| ૩૬ | સી.એન. વ્યાયામ વિદ્યા ભવન | અમદાવાદ | ડી.પી.એડ. | |